# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનના 25 વર્ષ આજે પૂર્ણ - દેશભરમાં ઊજવણી.

2) નવી દિલ્હીમાં 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' આજથી શરૂ થશે, જે આગામી 10મી ઑક્ટોબર સુધી ચાલશે.

3) આજે ભારત મંડપમમાં આયોજિત 2જી ભારત-EFTA સમૃદ્ધિ સમિટ 2026ને પ્રધાનમંત્રી સંબોધિત કરશે.

4) સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌકાદળના જહાજો માટે બ્રહ્મોસ એરોસ્પેસ સાથે 660 કરોડથી વધુના કરાર પર હસ્તાક્ષર કર્યા

5) CBIએ પંજાબના મુખ્યમંત્રીના OSD રાજબીર ખુમાન અને તેમના સહયોગીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચારની ફરિયાદ નોંધી.

6) લખનઉ ખાતેની પહેલી ટી-20 મેચમાં ભારતે વેસ્ટ-ઈન્ડિઝને આઠ વિકેટે હરાવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM MODI 25 YEAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જાહેર જીવનમાં સફર સાતમી ઓક્ટોબર 2001થી શરૂ થઈ હતી અને આજના દિવસે તેઓ જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન આજે વિકસિત ભારત સંકલ્પ સભાને સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના સંબોધનોની સાથે, પાર્ટીના અનેક વરિષ્ઠ નેતાઓ વર્ચ્યુઅલી કાર્યક્રમમાં જોડાશે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને ઉત્તર પ્રદેશના પ્રભારી વિનોદ તાવડે અયોધ્યાથી ભાગ લેશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને રાજ્યના સહ-પ્રભારી ડૉ. મેધા કુલકર્ણી લખનૌના હઝરતગંજ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી કાર્યક્રમમાં જોડાશે.

આ સ્થળોએથી પાર્ટીના પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓ મોટી સંખ્યામાં વિક્ષિત ભારત સંકલ્પ સભામાં ભાગ લેશે.

# SEVA JYOT

પીએમ મોદીના જાહેર સેવાના 25 વર્ષ  આજે પૂર્ણ થઇ રહ્યા છે. આ અંતર્ગત દેશની સાથે સાથે આજે રાજ્યભરમાં કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. આજે સવારે 10 કલાકે પીએમ મોદી વિકસિત ભારત સંકલ્પ સભાને સંબોધશે. રાજ્યમાં સેવા જ્યોત યાત્રાને આ પ્રસંગે પ્રસ્થાન કરાવાશે. અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય જિલ્લાઓમાં પ્રભારી મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

આ સાથે જ 17 સપ્ટેમ્બરથી શરૂ થયેલી રાષ્ટ્રવ્યાપી સેવા સંકલ્પ યાત્રાના સમાપન પ્રસંગે વડનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ ઉપસ્થિત રહેશે અને વડનગરમાં હાટકેશ્વર મંદિરે જળાભિષેક કરવામા આવશે. પ્રધાનમંત્રીની જન્મભૂમિ વડનગર અને વારાણસીમાં એકસાથે યાત્રાનું સમાપન કરવામાં આવશે.

# PM INDIA MOBILE CONGRESS

નવી દિલ્હીમાં 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' આજથી શરૂ થશે, જે આગામી 10મી ઑક્ટોબર સુધી ચાલશે.

પ્રધાનમંત્રી મોદીએ ગઈકાલે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ પહેલા સેવા તીર્થ ખાતે ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઈલ કોમ્યુનિકેશન્સ એસોસિએશન (GSMA) બોર્ડના સભ્યો સાથે વાતચીત કરી હતી.

શ્રી મોદીએ ભાર મૂક્યો હતો કે સમાજનો કોઈ પણ વર્ગ પાછળ ન રહી જાય તે સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનું લોકશાહીકરણ જરૂરી છે. તેમણે ટેકનોલોજી અને ડિજિટલ સેવાઓને સસ્તું અને સુલભ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સાંભળીએ એક અહેવાલ........

## VC: HANSINI VAJA

*(પ્રધાનમંત્રીએ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સંભાવનાને એક પરિવર્તનશીલ શક્તિ તરીકે વર્ણવીને આ ટેકનોલોજી માટે વૈશ્વિક ધોરણો અને સામાન્ય નિયમોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.*

*ડીપફેક અને એઆઈ-જનરેટેડ સામગ્રીના વધતા જોખમ પર, તેમણે વપરાશકર્તાઓને તેના મૂળને પારખીને તેના ઉપયોગની પદ્ધતિઓ શોધવાનું સૂચન કર્યું. GSMAએ મોબાઇલ ઇકોસિસ્ટમને એકીકૃત કરતી વૈશ્વિક સંસ્થા છે, જે મોબાઇલ ઇકોસિસ્ટમ અને નજીકના ઉદ્યોગોમાં મોબાઇલ ઓપરેટરો અને સંગઠનોનું પ્રતિનિધિત્વ કરે છે.*

*GSMA બોર્ડના સભ્યોએ ડિજિટલ અને મોબાઇલ કનેક્ટિવિટીમાં વૈશ્વિક નેતા તરીકે ભારતના ઉદભવ પર પ્રકાશ પાડ્યો. તેઓએ 4G અને 5G ના ઝડપી વિસ્તરણ, ડિજિટલ જાહેર માળખાના સ્કેલ અને ટેલિકોમ અને મોબાઇલ ઉત્પાદન ઇકોસિસ્ટમના વિકાસની નોંધ લીધી. તેઓએ ભારતના રોકાણ-મૈત્રીપૂર્ણ નીતિ માળખાની પ્રશંસા કરી અને સતત ડિજિટલ વૃદ્ધિને ટેકો આપવા માટે સુરક્ષિત, સ્થિતિસ્થાપક અને વિશ્વસનીય ડિજિટલ માળખાની ભૂમિકા પર ભાર મૂક્યો. હંસીની વાજા આકાશવાણી સમાચાર)*

# PM MODI-EFTA SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારત-EFTA વેપાર અને આર્થિક ભાગીદારી કરારની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે, આજે ભારત મંડપમમાં આયોજિત 2જી ભારત-EFTA સમૃદ્ધિ સમિટ, 2026 ને સંબોધિત કરશે.

આ સમિટ "ભારતમાં 100 અબજ ડોલરની રોકાણ ભાગીદારીનું નિર્માણ 1 મિલિયન નોકરીઓનું સર્જન" થીમ સાથે, ભારત અને EFTA દેશો સ્વિટ્ઝર્લૅન્ડ, નોર્વે, આઇસલેન્ડ અને લિક્ટેંસ્ટાઇનના વરિષ્ઠ સરકારી અધિકારીઓ, ઉદ્યોગ નેતાઓ અને મુખ્ય હિસ્સેદારો ભાગ લેશે.

આ સમિટનો ઉદેશ્ય વેપાર, રોકાણ, ટેકનોલોજી સહયોગ અને નવીનતામાં નવી તકો ખોલવનો છે.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાલમાં હિમાચલ પ્રદેશના ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસે છે. ગઈકાલે બિલાસપુર પહોંચ્યા પછી, તેમણે AIIMS બિલાસપુરના પ્રથમ દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી, જ્યાં તેમણે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મેડલ અને ડિગ્રી એનાયત કરી હતી.

## BYTE – PRESIDENT

**(वर्तमान समय में चिकित्सा पद्धतियों, तकनीकी और स्वास्थ्य सेवाओं के क्षेत्र में तेजी से बदलाव आ रहा है। आने वाले समय में इन बदलावों की गति और भी अधिक तीव्र होने की संभावना है। ऐसी परिस्थितियों में खुद को सक्षम बनाए रखने के लिए जीवनपर्यंत सीखते रहना जरूरी है। )**

આજે તેમની મુલાકાતના બીજા દિવસે, રાષ્ટ્રપતિ અટલ ટનલ રોહતાંગની મુલાકાત લેવાના છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MINISTRY OF DEFENSE

સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌકાદળના જહાજો માટે બ્રહ્મોસ ફાયર કંટ્રોલ સિસ્ટમ અને લોન્ચર્સની ખરીદી માટે બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડ સાથે 660 કરોડ રૂપિયાથી વધુના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં (ભારતીય-સ્વદેશી રીતે ડિઝાઇન, વિકસિત અને ઉત્પાદિત) શ્રેણી હેઠળ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઓછામાં ઓછા 68% સ્વદેશી સામગ્રી સાથે, આ પ્રોજેક્ટ MSME સહિત વિવિધ ભારતીય ઉદ્યોગોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

# PUNJAB CM

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ પંજાબના મુખ્યમંત્રીના OSD રાજબીર ખુમાન અને તેમના સહયોગીઓ વિરુદ્ધ IAS અને IPS રેન્કના અધિકારીઓ સહિત અધિકારીઓની પોસ્ટિંગમાં હેરફેર અને અન્ય ભ્રષ્ટાચારના કેસોમાં FIR નોંધી છે.

ત્યારબાદ ચંદીગઢ, મોહાલી, ગુરદાસપુર, લુધિયાણા, પટિયાલા, સંગરુર અને જલંધરમાં તેમના 8 પરિસર પર દરોડા પાડી લેપટોપ, મોબાઇલ ફોન અને દસ્તાવેજો જેવા ગુનાહિત પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા. લાંચ અને અનૈતિકતાના પુરાવા માટે આની તપાસ કરવામાં આવી રહી છે.

# E AUCATION

પ્રધાનમંત્રીને આપવામાં આવેલી અસંખ્ય ભેટ –સોગાદ સંગ્રહને ખરીદવા માટે 8મી ઈ-ઓક્શન ઓનલાઈન પોર્ટલ પર આગામી 31મી ઑક્ટોબર સુધી બોલી લગાવી શકાશે.

સંસ્કૃતિ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સંગ્રહ એક રાજ્યમાં અસ્તિત્વમાં રહેલા અનેક સાંસ્કૃતિક વિશ્વોની ઝલક આપે છે. પી.એમ સ્મૃતિચિહ્નોની હરાજી એક એવું પ્લેટફોર્મ બની જાય છે. હરાજીમાંથી મળેલી રકમ નમામી ગંગે પ્રોજેક્ટને અર્પણ કરાશે.

રસ ધરાવતા બોલી લગાવનારાઓ સત્તાવાર પી.એમ મેમેન્ટોસ ઈ-ઓક્શન પોર્ટલ દ્વારા તેમની બોલી ઓનલાઈન મૂકી શકે છે.

# RUSSIA

રશિયન હવાઈ સંરક્ષણ દળોએ કબજા હેઠળના ક્રિમિઅન દ્વીપકલ્પ અને એઝોવ સમુદ્ર સહિત અનેક પ્રદેશોમાં રાતોરાત લગભગ 900 યુક્રેનિયન ડ્રોનને અટકાવ્યા.

સાંભળીએ એક અહેવાલ ........

વોઇસ કાસ્ટ: પ્રશાંત

(मॉस्को के मेयर सरगेई सोब्यानिन ने बताया कि रात भर में 650 ड्रोन ने मोस्को इलाके को निशाना बनाया। इनमें से 105 ड्रोन को राजधानी के पास रोका गया। उन्होंने कहा कि दिन में 68 और ड्रोन गिराए गए। रूस के रक्षा मंत्रालय ने कहा कि उसकी सेना ने यूक्रेन के दक्षिणी ओडेसा इलाके में भी ठिकानों पर हमला किया। यूक्रेन ने रूस की तेल रिफाइनरियों और ईंधन डिपो पर हमला करने के लिए देश में बने लंबी दूरी के ड्रोन और मिसाइलों का इस्तेमाल तेजी से बढ़ाया है। )

# VB-G RAM G

સરકારે વિકાસ ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) [VB-G RAM G] અધિનિયમ, 2025 હેઠળ અનુમતિ પાત્ર કાર્યોનું સમયપત્રક રજૂ કર્યું છે.

આ પત્રકમાં નવા ગ્રામીણ કાર્ય માળખા હેઠળ 375 અનુમતિપાત્ર કાર્યોની જોગવાઈ છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે, નવું સમયપત્રક અગાઉના માળખા હેઠળના 266 કાર્યો કરતાં 41 ટકા વધુ કામોનો સમાવેશ કરાયો છે.

# CRICKET

ક્રિકેટમાં ભારતે પહેલી T20 મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે 19 ઓવર અને 1 બોલમાં 171 રન બનાવ્યા. જેમાં શેરફેન રૂધરફોર્ડે 56 અને શાઈ હોપે 52 રન બનાવ્યા. ભારત તરફથી નમન ધીરે ત્રણ, જ્યારે અક્ષર પટેલ અને કુલદીપ યાદવે 2-2 વિકેટ ઝડપી.

ભારતે 172 રનનો લક્ષ્યાંક માત્ર 14 ઓવર અને 4 બોલમાં 2 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો. ભારત તરફથી શ્રેયસ ઐયર 102 અને ઈશાન કિશન 37 રન બનાવીને અણનમ રહ્યા. શ્રેયસ ઐયરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આ જીત સાથે ભારતે પાંચ મેચની શ્રેણીમાં 1-0ની લીડ મેળવી. શ્રેણીની બીજી મેચ શુક્રવારે રાંચીમાં રમાશે.

# <u>આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ</u>

- આજના મોટાભાગના અખબારોએ જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષે કરેલા હલ્લાબોલના સમાચાર હેડલાઈનમા લીધા છે..
- ગુજરાત સમાચાર લખે છે જ્ઞાનેશ સામે વિપક્ષનુ હાઈ વોલ્ટેજ શક્તિપ્રદર્શન....
- કુલછાબનુ મુખ્ય શિર્ષક છે જ્ઞાનેશના રાજીનામા માટે વિપક્ષનુ પ્રચંડ પ્રદર્શન... વોટ ચોરીને દેશને હાઈજેક કરાયો- રાહુલનો હુમલો
- નવગુજરાત સમય પ્રથમ પાને લખે છે સરકારના વડા તરીકે પીએમ મોદીના 25 વર્ષ કેન્દ્રિય કેબિનેટે સફળ નેતૃત્વ બિરદાવ્યું....